૧૮-૧૨-૨૦૨૨ પ્રાતઃમુરલી ઓમ શાંતિ "અવ્યક્ત-બાપદાદા" રીવાઈઝ ૧૮-૦૨-૯૩ મધુબન

## બ્રાહ્મણ જીવન નો શ્વાસ - સદા ઉમંગ અને ઉત્સાહ

આજે ત્રિમૂર્તિ શિવ બાપ સર્વ બાળકોને વિશેષ ત્રિ (ત્રણ) - સંબંધ થી જોઈ રહ્યાં છે. સૌથી પહેલો પ્રિય સંબંધ છે સર્વ પ્રાપ્તિઓનાં માલિક વારિસ છો, વારિસ ની સાથે ઈશ્વરીય વિદ્યાર્થી છો, સાથે-સાથે દરેક કદમ માં ફોલો કરવા (અનુસરવા) વાળા સદ્ગુરુ નાં પ્રિય છો. ત્રિમૂર્તિ શિવ બાપ બાળકોનાં પણ આ ત્રણ સંબંધ વિશેષ રુપમાં જોઈ રહ્યાં છે. આમ તો સર્વ સંબંધ નિભાવવાનાં અનુભવી આત્માઓ છો પરંતુ આજે વિશેષ ત્રણ સંબંધ જોઈ રહ્યાં છે. આ ત્રણ સંબંધ બધાંને પ્રિય છે. આજે વિશેષ ત્રિમૂર્તિ શિવ જયંતી મનાવવાનાં ઉમંગ થી બધાં ભાગી-ભાગીને પહોંચી ગયાં છે. બાપ ને મુબારક આપવા આવ્યાં છો કે બાપ પાસે થી મુબારક લેવા આવ્યાં છો? બંને કામ કરવા આવ્યાં છો. જ્યારે નામ જ છે શિવ જયંતી અથવા શિવરાત્રી, તો ત્રિમૂર્તિ શું સિધ્ધ કરે છે? પ્રજાપિતા બ્રહ્મા દ્વારા શું કરે છે? આપ બ્રાહ્મણોની રચના રચે છે ને. એમની પછી પાલના થાય છે. તો ત્રિમૂર્તિ શબ્દ સિધ્ધ કરે છે કે બાપની સાથે-સાથે આપ બ્રાહ્મણ બાળકો પણ સાથે છો. એકલા બાપ શું કરશે! એટલે બાપની જયંતી સો આપ બ્રાહ્મણ બાળકોની પણ જયંતી. તો બાપ બાળકોને આ અલૌકિક દિવ્ય જન્મની અથવા આ ડાયમંડ જયંતી ની પદમાપદમ ગણી મુબારક આપી રહ્યાં છે. તમારા બધાનાં મુબારક નાં પત્ર, કાર્ડ બાપની પાસે પહોંચી જ ગયાં અને હમણાં પણ ઘણાં બાળકો દિલથી મુબારકનાં ગીત ગાઈ રહ્યાં છે ભલે દૂર છે, કે સન્મુખ છે. દૂરવાળા નાં પણ મુબારક નાં ગીત કાનોમાં સંભળાઈ રહ્યાં છે. રિટર્ન (વળતર) માં બાપદાદા પણ દેશ-વિદેશ નાં સર્વ બાળકોને પદમ-પદમ વધાઈઓ આપી રહ્યાં છે.

આ તો બધાં બાળકો જાણો જ છો કે બ્રાહ્મણ જીવનમાં કોઈ પણ ઉત્સવ મનાવવો અર્થાત્ સદા ઉમંગ-ઉત્સાહ ભર્યું જીવન બનાવવું. બ્રાહ્મણોની અલૌકિક ડીક્ષનરી માં મનાવવાનો અર્થ છે બનવું. તો ફક્ત આજે ઉત્સવ મનાવશો કે સદા ઉત્સાહ ભર્યું જીવન બનાવશો? જેવી રીતે આ સ્થૂળ શરીરમાં શ્વાસ છે તો જીવન છે. જો શ્વાસ ખતમ થઈ ગયો તો જીવન શું થશે? ખતમ. એવી રીતે બ્રાહ્મણ જીવનનો શ્વાસ છે સદા ઉમંગ અને ઉત્સાહ. બ્રાહ્મણ જીવનમાં દરેક સેકન્ડે ઉમંગ-ઉત્સાહ નથી તો બ્રાહ્મણ જીવન નથી. શ્વાસ ની ગતિ પણ નોર્મલ (સામાન્ય) હોવી જોઈએ. જો શ્વાસ ની ગતિ બહુજ તેજ (ઝડપી) થઈ જાય તો પણ જીવન યથાર્થ નથી અને ધીમી થઈ જાય તો પણ યથાર્થ જીવન નહીં કહેવાશે. હાઈ પ્રેશર અથવા લો પ્રેશર થઈ જાય છે ને. તો એને નોર્મલ જીવન નથી કહેવાતું. તો અહીં પણ ચેક કરો કે "મારા બ્રાહ્મણ જીવન નાં ઉમંગ-ઉત્સાહ ની ગતિ નોર્મલ છે? કે ક્યારેક બહુજ ફાસ્ટ, ક્યારેક બહુજ સ્લો થઈ જાય છે? એકરસ રહે છે?" એકરસ હોવી જોઈએ ને. ક્યારેક ખૂબજ, ક્યારેક ઓછી આ તો સારું નથી ને, તેથી સંગમયુગ ની દરેક ઘડી ઉત્સવ છે. આ તો વિશેષ મનોરંજન માટે મનાવે છે કારણ કે બ્રાહ્મણ જીવનમાં બીજે ક્યાંય જઈને મનોરંજન મનાવશો? અહીં જ તો મનાવશો ને! ક્યાંક વિશેષ સાગર નાં કિનારા પર અથવા બગીચા માં કે ક્લબ માં તો નહીં જશો ને. અહીં જ સાગર નો કિનારો પણ છે, બગીચો પણ છે તો ક્લબ પણ છે. આ બ્રાહ્મણ ક્લબ સારું છે ને! તો બ્રાહ્મણ જીવન નો શ્વાસ છે ઉમંગ-ઉત્સાહ. શ્વાસની ગતિ ઠીક છે ને કે ક્યારેક નીચે-ઉપર થઈ જાય છે? બાપદાદા દરેક બાળકોને ચેક કરતા રહે છે. આ કાનમાં લગાવીને ચેક નથી કરવું પડતું. આજકાલ તો સાયન્સે પણ બધું ઓટોમેટિક કાઢ્યું છે.

તો શિવ જયંતી તથા શિવરાત્રી બંનેનાં રહસ્યને સારી રીતે જાણી ગયાં છો ને! બંને રહસ્ય સ્વયં પણ જાણી ગયાં છો અને બીજાઓને પણ સ્પષ્ટ સંભળાવી શકો છો કારણ કે બાપની જયંતી ની સાથે તમારી પણ છે. પોતાનાં જન્મદિવસ નું રહસ્ય તો સંભળાવી શકો છો ને! યાદગાર તો ભક્ત લોકો પણ ખૂબ ભાવનાથી મનાવે છે. પરંતુ અંતર એ છે કે તેઓ શિવરાત્રી પર દરેક વર્ષે વ્રત રાખે છે અને તમે તો પિકનિક કરો છો કારણ કે તમે બધાએ જન્મતાં જ સદાકાળ માટે અર્થાત્ સંપૂર્ણ બ્રાહ્મણ જીવન માટે એક વાર વ્રત ધારણ કરી લીધું, એટલે વારંવાર નથી કરવું પડતું. એમને દરેક વર્ષે વ્રત રાખવું પડે છે. આપ સર્વ બ્રાહ્મણ આત્માઓએ જનમ લેતા જ આ વ્રત લઈ લીધું કે અમે સદા બાપ સમાન સંપન્ન અને સંપૂર્ણ રહીશું. આ પાક્કું વ્રત લીધું છે કે થોડું કાચ્ચુ....? જ્યારે આત્મા અને પરમ-આત્મા નો સંબંધ અવિનાશી છે તો વ્રત પણ અવિનાશી છે ને. દુનિયા વાળા ફક્ત ખાવા-પીવાનું વ્રત રાખે છે. એનાંથી પણ શું સિધ્ધ થાય છે? તમે બ્રાહ્મણ જીવનમાં સદા માટે ખાવા-પીવાનું પણ વ્રત લીધું છે ને. કે આ ફ્રી (છૂટ) છે કે ખાવા-પીવાનું જે પણ ઈચ્છો ખાઈ લો? પાક્કું વ્રત છે કે “ક્યારેક-ક્યારેક થાકી જાઓ તો વ્રત તોડી દો? ક્યારેક સમય નથી મળતો તો શું બનાવીએ, કાંઈ પણ મંગાવીને ખાઈ લઈએ?” થોડી-થોડી ઢીલ કરો છો? જુઓ, તમારા ભક્ત વ્રત રાખી રહ્યાં છે. ભલે વર્ષ માં એકવાર પણ રાખે છે પરંતુ મર્યાદા નું પાલન તો કરી રહ્યાં છે ને. તો જ્યારે તમારા ભક્ત વ્રત માં પાક્કા છે, તો તમે કેટલાં પાક્કા છો? પાક્કા છો? ક્યારેક-ક્યારેક થોડી ઢીલ કરી દો છો ચાલો, કાલે ભોગ લગાવી દઈશું, આજે નથી લગાવવો. આ પણ આપ બ્રાહ્મણ આત્માઓનાં જીવન નાં બેહદનાં વ્રત નાં યાદગાર બનેલાં છે.

વિશેષ આ દિવસે પવિત્રતા નું પણ વ્રત રાખે છે. એક પવિત્રતા નું વ્રત રાખે, બીજું ખાવા-પીવાનું વ્રત રાખે, ત્રીજું આખો દિવસ કોઈને પણ કોઈ પ્રકારનું દુઃખ કે દગો નહીં આપશે, આ પણ વ્રત રાખે છે. પરંતુ તમારું આ બ્રાહ્મણ જીવન નું વ્રત બેહદ નું છે, એમનું એક દિવસનું છે. પવિત્રતાનું વ્રત તો બ્રાહ્મણ જન્મ થી જ ધારણ કરી લીધું છે ને! ફક્ત બ્રહ્મચર્ય નહીં પરંતુ પાંચેય વિકારો પર વિજય થાય એને કહેવાય છે પવિત્રતાનું વ્રત. તો વિચારો કે પવિત્રતા નાં વ્રતમાં ક્યાં સુધી સફળ થયાં છો? જેવી રીતે બ્રહ્મચર્ય અર્થાત્ કામ મહાશત્રુ ને જીતવા માટે વિશેષ અટેન્શન માં રહો (ધ્યાન રાખો) છો, એવી રીતે જ બીજા પણ ચાર સાથી જે કામ મહાશત્રુ નાં છે, એનું પણ એટલું જ અટેન્શન રહે છે? કે એનાં માટે છૂટ છે થોડો-થોડો ક્રોધ ભલે કરી લો? છૂટ છે ના, પરંતુ પોતે-પોતાને છૂટ આપી દો છો. જોવાયું છે કે ક્રોધનાં બાળકો જે છે એને છૂટ આપી દીધી છે. ક્રોધ મહાભૂત ને તો ભગાવ્યું છે પરંતુ એનાં જે બાળકો છે એની સાથે થોડી પ્રીત હજું પણ રાખી છે. જેવી રીતે નાનાં બાળકો સારા લાગે છે ને. તો આ ક્રોધ નાં નાનાં બાળકો ક્યારેક-ક્યારેક પ્રિય લાગે છે. વ્રત અર્થાત્ સંપૂર્ણ પવિત્રતા નું વ્રત. ઘણાં બાળકો ખુબ સારી સારી વાતો સંભળાવે છે. કહે છે કે “ક્રોધ આવ્યો નથી પરંતુ ક્રોધ દેવડાવ્યો (કરાવ્યો), તો શું કરીએ? મને નથી આવ્યો પરંતુ બીજા કરાવે છે.” બહુજ મજાની વાતો કરે છે. કહે છે તમે પણ આ સમયે હોત તો તમને પણ આવી જાત. તો બાપદાદા શું કહેશે? બાપદાદા પણ કહે છે અચ્છા, તમને માફ કરી દીધાં, પરંતુ આગળ ફરી નહીં કરતાં.

શિવરાત્રી નો અર્થ જ છે અંધકાર ખતમ કરી પ્રકાશ લાવવા વાળી રાત્રી. માસ્ટર જ્ઞાન-સૂર્ય પ્રગટ થવો આ છે શિવરાત્રી. તમે પણ માસ્ટર જ્ઞાન-સૂર્ય બની વિશ્વમાં અંધકાર ને ખતમ કરી રોશની આપવા વાળા છો. જે વિશ્વને રોશની આપવા વાળા છે તે સ્વયં શું હશે? સ્વયં અંધકાર માં તો નહીં હશે ને. દીપક નાં માફક તો નહીં

હોય? દિપકની નીચે અંધારું હોય છે, ઉપર રોશની હોય છે. તમે માસ્ટર જ્ઞાન-સૂર્ય છો. તો માસ્ટર જ્ઞાન-સૂર્ય સ્વયં પણ પ્રકાશ-સ્વરુપ છે, લાઇટ-માઇટ રુપ છે અને બીજાને પણ લાઇટ-માઇટ આપવા વાળા છે. જ્યાં સદા રોશની હોય છે ત્યાં અંધકાર નો સવાલ જ નથી, અંધકાર હોઈ જ નથી શકતો. તો સંપૂર્ણ પવિત્રતા અર્થાત્ રોશની. અંધકાર ખતમ કરવા વાળા આત્માઓ પાસે અંધકાર રહી નથી શકતો. રહી શકે છે? આવી શકે છે? ચાલો, રહે નહીં પરંતુ આવીને ચાલ્યો જાય આ થઇ શકે છે? જો કોઈપણ વિકાર નો અંશ છે તો એને રોશની કહેવાશે કે અંધકાર કહેવાશે. અંધકાર ખતમ થઈ ગયો ને. શિવરાત્રી નું ચિત્ર પણ દેખાડો છો ને. એમાં શું દેખાડો છો? અંધકાર ભાગી રહ્યો છે કે થોડો-થોડો રહી ગયો? આ શિવરાત્રી પર વિશેષ શું કરશો? કાંઈક કરશો કે ફક્ત ઝંડો લહેરાવશો? જેવી રીતે સદા પ્રતિજ્ઞા કરો છો કે અમે આ નહીં કરશું, આ નહીં કરશું.... અને પછી કરશો પણ, એવું તો નથી? પહેલાં પણ સંભળાવ્યું છે કે પ્રતિજ્ઞા નો અર્થ જ છે કે જાન ચાલી (પ્રાણ ચાલ્યાં) જાય પરંતુ પ્રતિજ્ઞા ન જાય. કાંઇ પણ ત્યાગ કરવો પડે, કાંઇ પણ સાંભળવું પડે પરંતુ પ્રતિજ્ઞા ન જાય. એવું નહીં જ્યારે કોઈ સમસ્યા નથી ત્યારે તો પ્રતિજ્ઞા ઠીક છે, જો કોઈ સમસ્યા આવી ગઇ તો સમસ્યા શક્તિશાળી થઇ જાય અને પ્રતિજ્ઞા એની આગળ કમજોર થઇ જાય. આને પ્રતિજ્ઞા નથી કહેવાતી. વચન અર્થાત્ વચન. તો એવી રીતે પ્રતિજ્ઞા મન થી કરો, કહેવાથી નહીં. કહેવાથી કરવા વાળા એ સમયે તો શક્તિશાળી સંકલ્પ કરે છે. કહેવાથી કરવા વાળા માં શક્તિ તો રહે છે પરંતુ સર્વ શક્તિઓ નથી રહેતી. જ્યારે મન થી પ્રતિજ્ઞા કરો છો બીજા કોના થી પ્રતિજ્ઞા કરી? બાપ થી. તો બાપ થી મન થી પ્રતિજ્ઞા કરવી અર્થાત્ મનને 'મનમનાભવ' પણ બનાવવું અને મનમનાભવ નો મંત્ર સદા કોઈ પણ પરિસ્થિતિ માં યંત્ર બની જાય છે. તો મન થી કરવાથી આ થશે. મનમાં આવ્યું કે મારે આ કરવું નથી. જો મનમાં આ સંકલ્પ થાય (આવે) છે કે કોશિશ કરીશું, કરવું તો છે જ, બનવું તો છે જ, એવું નહીં કરીશું તો શું થશે; શું કરશે, એટલે કરી લો....આને કહેવાશે થોડી-થોડી મજબૂરી. જે મનથી કરવા વાળા હશે તે એ નહીં વિચારે કે કરવું જ પડશે....તે એવું વિચારશે કે બાપે કહ્યું અને થયેલું જ છે. નિશ્ચય અને સફળતા માં નિશ્ચિત હશે. આ છે ફર્સ્ટ નંબરની પ્રતિજ્ઞા. સેકન્ડ નંબરની પ્રતિજ્ઞા છે બનવું તો છે, કરવું તો છે જ, ખબર નહીં ક્યારે થઈ જાય. આ 'તો' 'તો'....કરવું અર્થાત્ પોપટ થઇ ગયાં ને. બાપદાદા ની પાસે દરેકે કેટલી વાર પ્રતિજ્ઞા કરી છે, તે બધી ફાઈલ છે. ફાઇલ બહુજ મોટી થઇ ગઇ છે. હવે ફાઇલ નથી ભરવાની, ફાઇનલ કરવાનું છે. જ્યારે કોઇ બાપદાદા ને કહે છે કે પ્રતિજ્ઞા ની ચિઠ્ઠી લખાવીએ, તો બાપદાદા ની સામે બધી ફાઇલ આવી જાય છે. હજી પણ એવી રીતે કરશો? ફાઈલ માં કાગળ ઉમેરશો કે ફાઇનલ પ્રતિજ્ઞા કરશો?

પ્રતિજ્ઞા કમજોર થવાનું એક જ કારણ બાપદાદા એ જોયું છે. તે એક શબ્દ ભિન્ન-ભિન્ન રોયલ રુપમાં આવે છે અને કમજોર કરે છે. તે એક જ શબ્દ છે બોડી કોનશિયસ (દેહ-અભિમાન) નું 'હું'. આ 'હું' શબ્દ જ દગો આપે છે. 'હું' આ સમજુ છું, 'હું' જ આ કરી શકું છું, 'મેં' જે કહ્યું તે જ ઠીક છે, 'મેં' જે વિચાર્યુ તે જ ઠીક છે. તો 'ભિન્ન-ભિન્ન' રોયલ રુપ માં હું-પણું પ્રતિજ્ઞા ને કમજોર કરે છે. અંતે કમજોર થઇને દિલશિકસ્ત (નિરાશા) નાં શબ્દ વિચારે છે હું આટલું સહન નથી કરી શકતો; પોતાને એટલો એકદમ નિર્માન કરી દઉં, એટલું નથી કરી શકતો; આટલી સમસ્યાઓ પાર નથી કરી શકતો, મુશ્કેલ છે. આ 'હું-પણું' કમજોર કરે છે. બહુજ સારું રોયલ રુપ છે. પોતાનાં જીવન માં જુઓ આ જ 'હું-પણું' સંસ્કાર નાં રુપ માં, સ્વભાવ નાં રુપમાં, ભાવ નાં રુપ માં, ભાવના નાં રુપ માં, બોલ નાં રુપ માં, સંબંધ-સંપર્ક નાં રુપમાં બીજા બહુજ મીઠાં રુપમાં આવે છે? શિવરાત્રી

પર આ 'મેં'-'મેં' (હું હું) ની બલિ ચઢે છે. ભક્ત બિચારાઓએ તો બકરીને 'મેં-મેં....' કરવા વાળાને બલિ ચઢાવી. પરંતુ છે આ 'મેં-મેં' (હું પણું) આની બલિ ચઢાવો. યાદગાર તો તમારા લોકોનું બીજા રુપ માં મનાવી રહ્યાં છે. બલિ ચઢી ચૂક્યાં છો કે હજું થોડી 'હું-પણા' ની બલિ રહી ગઈ છે? શું રીઝલ્ટ (પરીણામ) છે? પ્રતિજ્ઞા કરવી છે તો સંપૂર્ણ પ્રતિજ્ઞા કરો. જ્યારે બાપ સાથે પ્રેમ છે, પ્રેમમાં તો બધાં પાસ છે. કોઈ કહેશે બાપ સાથે ૭૫ ટકા પ્રેમ છે, ૫૦ ટકા પ્રેમ છે? પ્રેમ માટે બધાં કહેશે ૧૦૦ ટકા થી પણ વધારે પ્રેમ છે! બાપ પણ કહે છે કે બધાં પ્રેમ કરવા વાળા છે, એમાં પાસ છે. પ્રેમ માં ત્યાગ શું વસ્તુ છે! તો પ્રતિજ્ઞા મન થી કરો અને દૃઢ કરો. વારંવાર પોતે પોતાને ચેક કરો કે પ્રતિજ્ઞા પાવરફુલ છે કે પરીક્ષા પાવરફુલ છે? કોઈ ને કોઈ પરીક્ષા પ્રતિજ્ઞા ને કમજોર કરી દે છે.

ડબલ વિદેશી તો વાયદો કરવામાં હોશિયાર છે ને. તોડવામાં નહીં, જોડવામાં હોશિયાર છો. બાપદાદા બધાં ડબલ વિદેશી બાળકોનું ભાગ્ય જોઇ હર્ષિત થાય છે. બાપને ઓળખી લીધાં આ જ સૌથી મોટા માં મોટી કમાલ કરી છે! બીજી કમાલ-વેરાઈટી (વિભિન્ન) વૃક્ષની ડાળીઓ હોવા છતાં પણ એક બાપ નાં ચંદનનાં વૃક્ષની ડાળીઓ બની ગયાં!હવે એક જ વૃક્ષની ડાળીઓ છો. ભિન્નતા માં એકતા લાવી. દેશ ભિન્ન છે, ભાષા ભિન્ન-ભિન્ન છે, કલ્ચર (સંસ્કૃતિ) ભિન્ન-ભિન્ન છે પરંતુ તમે લોકોએ ભિન્નતાને એકતા માં લાવી. હવે બધાનું કલ્ચર કયું છે? બ્રાહ્મણ કલ્ચર છે. એ ક્યારેય નહીં કહેતાં કે અમારું વિદેશ નું કલ્ચર આવું કહે છે; અથવા ભારત વાસી કહે કે અમારા ભારત નું કલ્ચર આમ હોય છે. નહીં ભારત, નહીં વિદેશ - બ્રાહ્મણ કલ્ચર. તો ભિન્નતા માં એકતા આ જ તો કમાલ છે! બીજી કમાલ શું કરી છે? બાપ નાં બન્યાં તો બધાં પ્રકારનાં અલગ-અલગ રીત-રિવાજ, દિનચર્યા વગેરે બધું મેળવીને એક કરી દીધું. ભલે અમેરિકા માં છો, કે લંડન માં છો, ક્યાંય પણ છો પરંતુ બ્રાહ્મણ ની દિનચર્યા એક જ છે કે અલગ છે? વિદેશની દિનચર્યા અલગ હોય, ભારતની અલગ હોય, ના. બધાંની એક છે. તો આ ભિન્નતા નો ત્યાગ આ કમાલ છે. સમજ્યાં, શું-શું કમાલ કરી છે? જેમ તમે બાપ નાં માટે ગાઓ છો ને કે બાપે કમાલ કરી દીધી! બાપ પછી ગાય છે બાળકોએ કમાલ કરી દીધી. બાપદાદા જોઈ-જોઈ હર્ષિત થાય છે. બાપ હર્ષિત થાય છે અને બાળકો ખુશીમાં નાચે છે.

સેવા પણ ચારેય તરફ વિદેશ ની, દેશ ની સાંભળતાં રહે છે. બંને સેવામાં રેસ કરી રહ્યાં છે. પ્રોગ્રામ્સ (કાર્યક્રમ) બધાં સારા થયાં છે અને આગળ પણ થતાં રહેશે. આ દૃઢ સંકલ્પ યુઝ (ઉપયોગ) કર્યો અર્થાત્ સફળ કર્યો. જેટલો દૃઢ સંકલ્પને સફળ કરતા જશો એટલી સહજ સફળતા અનુભવ કરતાં જશો. ક્યારેય પણ એ નહીં વિચારો કે આ કેવી રીતે થશે. 'કેવી રીતે' નાં બદલે વિચારો કે 'આવી રીતે' થશે. સંગમ પર વિશેષ વરદાન જ છે અસંભવ ને સંભવ કરવું. તો 'કેવી રીતે' શબ્દ આવી જ ન શકે. આ થવું મુશ્કેલ છે, ના. નિશ્ચય રાખીને ચાલો કે આ થયેલું જ છે, ફક્ત પ્રેક્ટિકલ (વ્યવહાર) માં લાવવાનું છે. આ રીપીટ થવાનું છે. બનેલું છે, બનેલાં ને બનાવવું અર્થાત્ રીપીટ કરવું. આને કહેવાય છે સહજ સફળતા નો આધાર દૃઢ સંકલ્પ નાં ખજાના ને સફળ કરવો. સમજ્યાં, શું થશે, કેવી રીતે થશે, ના. થશે અને સહજ થશે! સંકલ્પ ની હલચલ છે તો તે સફળતા ને હલચલમાં લઈ આવશે. અચ્છા!

ચારેય તરફનાં સદા ઉત્સવ મનાવવા વાળા, સદા ઉમંગ-ઉત્સાહ થી ઉડવા વાળા, સદા સંપૂર્ણ પ્રતિજ્ઞા નાં પાત્ર અધિકારી આત્માઓ, સદા અસંભવ ને સહજ સંભવ કરવા વાળા, દરેક પ્રકારની પરીક્ષા ને કમજોર કરી પ્રતિજ્ઞા

ને પાવરફુલ બનાવવા વાળા, સદા બાપ નાં પ્રેમ નાં રિટર્ન માં કાંઈ પણ ત્યાગ કરવાની હિંમત વાળા, એવાં ત્રિમૂર્તિ શિવ બાપ નાં જન્મ-સાથી, બ્રાહ્મણ આત્માઓને અલૌકિક જન્મ દિવસ નાં યાદ-પ્યાર અને મુબારક. બાપદાદા નાં વિશેષ શ્રેષ્ઠ આત્માઓને નમસ્તે.

**વરદાન :-જ્ઞાન, ગુણ અને શક્તિઓ રુપી ખજાનાઓ દ્વારા સંપન્નતા નો અનુભવ કરવા વાળા સંપત્તિવાન ભવ**

જે બાળકોની પાસે જ્ઞાન, ગુણ અને શક્તિઓનો ખજાનો છે તે સદા સંપન્ન અર્થાત્ સંતુષ્ટ રહે છે, એમની પાસે અપ્રાપ્તિ નું નામ-નિશાન નથી રહેતું. હદની ઈચ્છાઓની અવિદ્યા થઈ જાય છે. તેઓ દાતા હોય છે એમની પાસે હદની ઈચ્છા તથા પ્રાપ્તિ ની ઉત્પત્તિ નથી થતી. તેઓ ક્યારેય માંગવા વાળા માંગતા નથી બની શકતાં. એમ સદા સંપન્ન અને સંતુષ્ટ બાળકોને જ સંપત્તિવાન કહેવાય છે.

**સ્લોગન :-** મહોબ્બત માં સદા લવલીન (પ્રેમ મગ્ન) રહો તો મહેનત નો અનુભવ નહીં થાય.

**સુચના :-** આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ત્રીજો રવિવાર છે, સાંજે ૬.૩૦ થી ૭.૩૦ વાગ્યા સુધી બધાં ભાઈ બહેનો યોગ અભ્યાસ માં સર્વ આત્માઓનાં પ્રતિ આ જ શુભ ભાવના રાખે - કે સર્વ આત્માઓ નું કલ્યાણ થાય, સર્વ આત્માઓ સત્ય માર્ગ પર ચાલીને પરમાત્મ વારસા નો અધિકાર પ્રાપ્ત કરી લે. હું બાપ સમાન સર્વ આત્માઓને મુક્તિ જીવનમુક્તિ નું વરદાન આપવા વાળો આત્મા છું.